
# ADC થેરાપી: હવે કેન્સર સારવાર વધુ ચોકકસ અને અસરકારક

**કેન્સરથી મોટી જિંદગી**
ડો. કૌશલ પટેલ

કેન્સર સારવારની દુનિયામાં છેલ્લાં ઘણાં વર્ષોમાં અદભુત પરિવર્તન આવ્યું છે. એક સમય એવો હતો જ્યારે કેન્સરની સારવારનો અર્થ માત્ર સર્જરી, કિમોથેરાપી અને રેડિએશન સુધી મર્યાદિત હતો. ત્યાર બાદ ટાર્ગેટેડ થેરાપી આવી અને પછી ઈમ્યુનોથેરાપીએ કેન્સર ક્ષેત્રમાં નવી આશા ઊભી કરી પરંતુ હવે કેન્સરની સારવાર એક નવા યુગમાં પ્રવેશી રહી છે. આ નવા યુગનું સૌથી ચર્ચાસ્પદ અને સૌથી શક્તિશાળી નામ છે : ADC



એટલે કે Antibody Drug Conjugate. આજે વિશ્વભરના ઘણા કેન્સરના નિષ્ણાત ADC ને 'કેન્સરની સારવારમાં આશાનું કિરણ' કહી રહ્યા છે. ઘણા કેન્સરના નિષ્ણાત તો તેને 'કેન્સર સારવારના રાજા' તરીકે પણ વર્ણવે છે કારણ કે ADC એ કિમોથેરાપીની શક્તિ અને ટાર્ગેટેડ થેરાપીની ચોકસાઈ - બંનેને એક સાથે જોડવામાં સફળ થયું છે.

સામાન્ય કિમોથેરાપી ઘણાં વર્ષોથી કેન્સરની સારવારનો આધાર રહી છે. લાખો દર્દીઓના જીવન બચાવવામાં કિમોથેરાપીનો સૌથી મોટો ફાળો રહ્યો છે પરંતુ કિમોથેરાપીની સૌથી મોટી મર્યાદા એ છે કે તે માત્ર કેન્સરના કોષોને જ નહીં પરંતુ શરીરના ઘણા સામાન્ય કોષોને પણ અસર કરે છે. આ કારણે દર્દીઓને વાળ ખરવા, ઉલ્ટી, કમજોરી, ઈન્ફેક્શન, લોહીના કણ ઘટી જવા, મોઢામાં છાલા પડવા જેવી આડઅસરો થાય છે. કેન્સરમાં ઘણાં વર્ષોથી એક વિચાર હતો કે શું એવી સારવાર બની શકે જે સીધી કેન્સરના કોષો સુધી જ દવા પહોંચાડે અને શરીરના બીજા ભાગોને ઓછું નુકસાન પહોંચાડે? ADC આ વિચારનું સૌથી શક્તિશાળી સ્વરૂપ છે.

ADC ને સરળ ભાષામાં સમજીએ તો તે એક 'ચતુર મિસાઈલ' જેવી સારવાર છે. તેમાં ત્રણ મુખ્ય ભાગ હોય છે. પ્રથમ ભાગ છે એન્ટીબોડી, જે કેન્સરકોષોની સપાટી પર રહેલા ચોકકસ ટાર્ગેટને ઓળખે છે. બીજો ભાગ છે લિંકર, જે એન્ટીબોડી અને દવાને જોડીને રાખે છે. ત્રીજો ભાગ છે Payload, જે અત્યંત શક્તિશાળી કિમોથેરાપી દવા હોય છે. ADC શરીરમાં ગયા પછી Antibody કેન્સર કોષને શોધે છે અને તેની સાથે જોડાય છે. ત્યારબાદ કેન્સરકોષો આખુ ADC પોતાની અંદર ખેંચી લે છે. અંદર જઈ લિંકર તૂટી જાય છે અને કિમોથેરાપી payload બહાર આવે છે. આ દવા પછી કેન્સરકોષને અંદરથી ખતમ કરે છે.

આજે ADC ખાસ કરીને સ્તન કેન્સરમાં સારવારનું પરિદ્રશ્ય જ બદલી રહ્યું છે. HER2-Positive સ્તન કેન્સરમાં Trastuzumab deruxtecan નામની ADC થેરાપીએ અદ્ભૂત પરિણામ આપ્યા છે. ક્લિનિકલ ટ્રાયલ અનુસાર Trastuzumab deruxtecan ની તુલના જુની Standard Therapy સાથે કરવામાં આવી હતી. આ ટ્રાયલમાં Progression-free survival લગભગ ૨૮ મહિના સુધી પહોંચી ગયો જ્યારે જૂની થેરાપીમાં તે આશરે ૭ મહિના હતો. એટલે કે રોગ ઉપરનો કંટ્રોલ લગભગ ચાર ગણો વધુ સારો જોવા મળ્યો. Overall response rate પણ લગભગ ૮૦% સુધી જોવા મળ્યો, જે કેન્સર માટે અત્યંત પ્રભાવશાળી ગણાય છે. સૌથી મોટી ક્રાંતિ ત્યારે આવી જ્યારે HER2-low સ્તન કેન્સરમાં પણ ADC અસરકારક સાબિત થયું. અગાઉ HER2-negative ગણાતા દર્દીઓને Anti-HER2 Therapy આપવામાં આવતી નહોતી. પરંતુ ક્લિનિકલ ટ્રાયલે કેન્સરની સારવારની દિશા જ બદલી નાંખી. આ ટ્રાયલમાં HER2-low સ્તન કેન્સર દર્દીઓમાં Trastuzumab deruxtecan થી Median Survival લગભગ ૨૩.૪ મહિના જોવા મળ્યો જ્યારે સામાન્ય કિમોથેરાપીમાં જીવનનો દર આશરે ૧૬.૮ મહિના હતો. એટલે જીવન ટકાવી રાખવામાં લગભગ ૬ થી ૭ મહિનાનો વધારો જોવા મળ્યો, જે છેલ્લા સ્ટેજના સ્તન કેન્સરમાં અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાય છે. આ રોગ વધવાનું જોખમ પણ લગભગ 50% સુધી ઓછું થયું હતું. આ ટ્રાયલ બાદ HER2-low નામનો સંપૂર્ણ નવો કેન્સર સારવારનો વર્ગ ઊભો થયો.

ટ્રીપલ નેગેટીવ સ્તન કેન્સર લાંબા સમયથી આક્રમક કેન્સર તરીકે ઓળખાતું રહ્યું છે. તેમાં સારવારના વિકલ્પો મર્યાદિત રહેતા હતા. પરંતુ Sacituzumab Govitecan જેવી ADC Therapy એ ઘણા દર્દીઓમાં નવી આશા ઊભી કરી છે. એક ટ્રાયલ અનુસાર ટ્રીપલ નેગેટીવ સ્તન કેન્સરના દર્દીઓમાં ADC therapy થી Progression-free survival આશરે ૫.૬ મહિના રહ્યો જ્યારે સામાન્ય કિમોથેરાપીમાં તે માત્ર ૧.૭ મહિના હતો. Overall survival પણ લગભગ ૧૨ મહિના સુધી પહોંચ્યો હતો. જ્યારે સ્ટાન્ડર્ડ

> **એડીસીના યુગમાં બાયોમાર્કર પરીક્ષણનું મહત્ત્વ ખૂબ વધી ગયું છે. હવે માત્ર 'ક્યું કેન્સર?' તે પૂરતું નથી. હવે 'કયો ટાર્ગેટ હાજર છે?' તે વધુ મહત્ત્વપૂર્ણ બની ગયું છે**

કિમોથેરાપીવાળા જૂથમાં જીવન ટકાવી રાખવાનો દર આશરે ૬ થી ૭ મહિના હતો. એટલે જીવન ટકાવી રાખવામાં લગભગ ડબલ જોવા મળ્યો હતો. કેન્સર સારવારમાં આવા પરિણામો ખૂબ મહત્ત્વના ગણાય છે.

ફેફસાનાં કેન્સરમાં પણ થેરાપી ઝડપથી આગળ વધી રહી છે. ખાસ કરીને EGFR મ્યુટેશન ધરાવતા દર્દીઓમાં ટાર્ગેટેડ થેરાપી પછી ટાર્ગેટેડ થેરાપીનો પ્રતિકાર વિકસવાની મોટી સમસ્યા છે. HER3-targeted ADC patritumab deruxtecan જેવી દવાઓએ રેસિસ્ટંટ ફેફસાનાં કેન્સરમાં આશાસ્પદ પરિણામો બતાવ્યા છે. કેટલીક ટ્રાયલમાં ભારે પૂર્વ-સારવાર પામેલા દર્દીઓમાં પણ પ્રતિભાવ દર લગભગ 30 થી 40% સુધી જોવા મળ્યો છે. આ એવા દર્દીઓ હતા જેમની ઘણી પાછલી સારવારો નિષ્ફળ ગઈ હતી.

મૂત્રાશયના કેન્સરમાં Enfortunab vedotin નામની એડીસી થેરાપીએ ખૂબ સારા પરિણામ આપ્યા છે. એક ટ્રાયલ અનુસાર અદ્યતન મૂત્રાશયના કેન્સરના દર્દીઓમાં એડીસી થેરાપીથી Overall survival આશરે ૧૨.૯ મહિના જોવા મળ્યો. જ્યારે પ્રમાણભૂત કિમોથેરાપીમાં જીવિત રહેવાનો દર લગભગ ૯ મહિના હતો, એટલે કે જીવિત રહેવાના દરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો. ઘણા દર્દીઓમાં ગાંઠનું કદ ઝડપથી ઘટતું પણ જોવા મળ્યું.

લિમ્ફોમાં એડીસી થેરાપી કેન્સર સારવાર માટે ગેમ ચેન્જર સાબિત થઈ છે. ખાસ કરીને CD30- ટાર્ગેટેડ Brentuximab vedotin થી હોજકિન લિમ્ફોમામાં ઘણા દર્દીઓમાં લાંબા ગાળાનું કેન્સર કાબુમાં જોવા મળ્યું છે. કેટલાક દર્દીઓમાં કેન્સર મટી જતા પણ જોવા મળ્યું. કેન્સર સારવારમાં પ્રતિરોધક લિમ્ફોમા ઐતિહાસિક રીતે મુશ્કેલ રોગ માનવામાં આવતો હતો. તેથી એડીસીના આ પરિણામો અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાય છે. ઘણા લોકો એડીસી વિશે સાંભળીને માને છે કે હવે કિમોથેરાપીનો યુગ પુરો થઈ ગયો. પરંતુ હકીકતમાં એડીસી કિમોથેરાપીનો વિકલ્પ નથી, પરંતુ તેની ઉત્ક્રાંતિ છે. ADC માં પણ કિમોથેરાપી Payload જ હોય છે, પરંતુ તેની Delivery targeted હોય છે. એટલે કેન્સર સારવાર હવે વધુ કિમોથેરાપી તરફ નહીં, પરંતુ 'સ્માર્ટ કિમોથેરાપી' તરફ આગળ વધી રહી છે. એડીસીએ બતાવ્યું છે કે દવા કેટલી શક્તિશાળી છે તે જેટલું મહત્ત્વનું નથી, પરંતુ તે દવા ક્યાં પહોંચે છે તે વધુ મહત્ત્વનું છે.

એડીસીના યુગમાં બાયોમાર્કર પરીક્ષણનું મહત્ત્વ ખૂબ વધી ગયું છે. હવે માત્ર 'ક્યું કેન્સર?' તે પૂરતું નથી. હવે 'કયો ટાર્ગેટ હાજર છે?' તે વધુ મહત્ત્વપૂર્ણ બની ગયું છે. HER2 testing, TROP-2 expression, molecular profiling, NGS testing જેવી તપાસો પ્રિસીઝન ઓન્કોલોજીનો આધાર બની રહી છે. દરેક દર્દી માટે એકસરખી સારવાર યોગ્ય નથી. કેન્સર સારવાર હવે વ્યક્તિગત સારવાર તરફ આગળ વધી રહી છે. આજે વિશ્વભરમાં સેંકડો એડીસી દવા પર સંશોધન ચાલી રહ્યું છે. વૈજ્ઞાનિકો નવા ટાર્ગેટસ શોધી રહ્યા છે. વધુ ચતુર ADCS વિકસાવવામાં આવી રહ્યા છે. સંયોજક ઉપચાર જેવી કે ADC+ ઈમ્યુનોથેરાપી અથવા ADC+ ટાર્ગેટેડ થેરાપી પર પણ મોટા ક્લિનિકલ ટ્રાયલ્સ ચાલી રહ્યા છે. પણ તજજ્ઞો માને છે કે આગામી દાયકામાં એડીસી કેન્સર સારવારનો સૌથી ઝડપથી વિકસતો વિભાગ બનશે. કેન્સર સારવાર હવે 'મજબૂત સારવાર' થી 'ચતુર સારવાર' તરફ આગળ વધી રહી છે. એડીસીએ કેન્સર સારવારને નવી દિશા આપી છે. તે માત્ર દવા નથી, પરંતુ કેન્સર સામે લડવાની નવી વિચારસરણી છે. તે પ્રિસીઝન, વિજ્ઞાન અને શક્તિ - ત્રણેયને એકસાથે જોડે છે. આ કારણે આજે વિશ્વભરના ઘણા કેન્સરના નિષ્ણાંતો માને છે કે ADC ખરેખર કેન્સર સારવારનો નવો રાજા બની શકે છે.

### ડિસ્કલેમર

આ લેખમાં આપવામાં આવેલી માહિતી માત્ર માહિતીના હેતુઓ માટે છે અને તેને તબીબી સલાહ તરીકે ગણવામાં આવવી જોઈએ નહીં. વ્યકિતગત માર્ગદર્શન અને સારવારના વિકલ્પો માટે કૃપા કરીને કવોલીફાઈડ હેલ્થકેર પ્રોફેશનલનો સંપર્ક કરો.



# અસ્પૃશ્ય ચુંદડી અને સંવેદનાનો સેતુ

**મનકા સિતાર**
કેશુભાઇ દેસાઇ

પાંચ દાયકા પહેલાં વાંચેલી 'સુન્દરમ્'ની એ કવિતા મને કંઠસ્થ થઈ ગઈ છે કારણ કે એમાં નર્તન કરતી દલિત વંચિત સમુદાયમાંથી આવતી નાયિકા કવિએ આબાદ રીતે ચાક્ષુષ કરી આપી છે. વળી એ મધ્ય કે દક્ષિણ ગુજરાતના કવિએ એમના ઉત્તર ગુજરાતમાં ઊછરેલા સમોવડિયા કવિના ગામની જ સાચેસાચ બનેલી ઘટના હોય એમ નાયિકાને બામણા ગામની.... કહી એની પ્રાદેશિક ઓળખ છતી કરી દીધી છે. મને એ કવિતા વારંવાર માણવી અને મમળાવવી ગમે છે. એ કવિતાની પહેલી જ પંક્તિ હોઠ પર ઊતરતાની સાથે મારી નજર સામે બામણા ગામની એ દલિતા નાચી ઊઠે છે ત્યારે મને સાધક કવિની અલૌકિક સિદ્ધિનો સાક્ષાત્કાર થાય છે. પરંતુ કવિતામાં પ્રયોજિત જાતિસૂચક શબ્દ ઉચ્ચારતાં થોડોક થડકો અનુભવું છું. કેટલાક કાયદાના જાણકારો વારંવાર ચેતવતા રહે છે, હવે એ શબ્દ વાપરવામાં જોખમ છે. ખોટેખોટા કોઈ ભેખડે ભેરવી દેશે. ભલે મહાત્મા ગાંધીએ બહુ ઉમળકાથી એ જાતિની બાળાને દીકરી તરીકે દત્તક લીધી હોય અને પોતે દિલ્હીમાં એ જાતિની કોલોનીમાં રહેવાનું પસંદ કરતા હોય, ભલે એ વિશાળ શ્રમજીવી સમુદાય માટે બહુ ઉમદા અર્થ ધરાવતો 'હરિજન' જેવો શબ્દ નરસિંહ મહેતાના કે દયારામના પદમાંથી ઉપાડીને દુનિયાભરમાં પ્રચલિત કર્યો હોય પણ આઝાદ ભારતની સંસદમાં હવે એ શબ્દ પણ નિષિદ્ધ યાદીમાં સામેલ થયેલ છે. સ્વતંત્ર પક્ષના સાંસદ રંગાએ ઊભા થઈને એ શબ્દ દક્ષિણ ભારતમાં કેવા જુદા અને નામોશીભર્યા અર્થમાં વપરાય છે એની રજૂઆત કરી હતી. દેવદાસીનાં સંતાનો માટે એ શબ્દ વપરાય છે. તો શું અમે કોઈ અનૌરસ વેશ્યાવૃત્તિની પેદાશ છીએ?

અલબત્ત આપણે મોજથી બેફિકર થઈ ગાતા રહીએ છીએ:

*હરિના જન તો મુક્તિ ન માગે,માગે*
*જનમો જનમ અવતાર રે*
*નિત્ય સેવા, ઓચ્છવ કીર્તન નીરખવા*
*નંદકુમાર રે...*
*અથવા દયારામની જાણીતી કવિતા:*
*વૈષ્ણવ નથી થયો તું રે શીદ ગુમાનમાં*
*ઘૂમે;*
*હરિજન નથી થયો તું રે!*
*હરિજન જોઈ હૈડું નવ હરખે,દ્રવે ના*
*હરિગુણ ગાતાં,*
*કામધામ ચટકી નથી પટકી ક્રોધે લોચન*
*રાતાં....*

તમને થશે કે આજે વળી સવાર સવારમાં આ વાત ક્યાં લઈ આવ્યા! વાજબી છે તમારો સવાલ. સુન્દરમ્ જ લખી શકે એવી એ કવિતા હતી. વંચિત સમુદાયમાંથી આવતી એ સ્ત્રી કેવી ખુશ થઈને કુદકારા ભરે છે! એનો લાડકો દીકરો પરણવા નીકળ્યો છે. એણે ગજા મુજબ જે સસ્તાં ઘરેણાં હાથવગાં હતાં એ તો એણે પહેર્યાં જ છે, પણ વિશેષ આનંદ તો એને રેશમી ચુંદડી પહેર્યાનો છે. એ મોંઘીદાટ ચુંદડી એ લાવી છે ક્યાંથી એનો ખુલાસો કવિ અંતિમ અંતરામાં કરે છે અને એ વાંચીએ ત્યારે આપણે નખશિખ હલબલી જઈએ છીએ.

હમણાં એક જાણીતા અખબારના પત્રકારોએ જાણે મોટી ધાડ મારી દીધી હોય એવો, લોકોની આંખોમાં ધૂળ નાખીને ચલાવાઈ રહેલા ગોરખધંધાનો અહેવાલ રજૂ કર્યો હતો. 'માર્કેટમાં વેચાય છે સ્મશાનમાં મૃતદેહો પરથી ઉતારેલાં કપડાં લગ્ન-પૂજાપાઠમાં લોકો કફનની સાડી પહેરે છે.' એમના સંશોધનાત્મક પત્રકારત્વની ફલશ્રુતિ એ થઈ કે આ જામી ગયેલા કાળા કારોબાર

> **એણે ગજા મુજબ જે સસ્તાં ઘરેણાં હાથવગાં હતાં એ તો એણે પહેર્યાં જ છે, પણ વિશેષ આનંદ તો એને રેશમી ચુંદડી પહેર્યાનો છે**

મારફત બે પાંદડે થયેલા અને પોતાના કુટુંબનું ભરણપોષણ કરનારા કેટલાક 'ઈસમો' પોલીસના સકંજામાં આવી ગયા. ચાલો, જેવું એમનું કિસ્મત! એ સારું કામ કરતા હતા એવું તો નહીં જ કહી શકાય. ખરેખર એ સ્મશાન સંપત્તિનો વેપાર કરી ગરીબ અને મધ્યમ વર્ગના લોકો સાથે છેતરપિંડી જ કરતા હતા. જો ઉમાશંકર જોશીના બામણા ગામની દલિત વહુવારુ દિવંગત શેઠાણીને ઓઢાડેલી ચુંદડી બજારમાં વેચવા ગઈ હોત તો આપણે વાચકો કે કવિ જાતે પણ એને અનુકંપાની નજરે ન જ જુવત. ગામ નાનું હોવાથી એને રોજના હિસાબે નહીં તો મહિને દહાડે એક બે સાડલા સ્મશાનમાં બળતી સવર્ણ સમાજની લાશો પરથી મળી તો રહેતા હશે. પરંતુ સામાન્ય સ્થિતિની બાઈ મરી જાય તો એને ઘરના લોકો આવી રેશમી ચુંદડી થોડી ઓઢાડે! વળી મોટા ભાગે તો એ ઘરડી થઈને ગુજરી ગઈ હોય. કદાચ વિધવા પણ હોય. એને ઓઢાડેલો ધોળો સાડલો શુભ કાર્ય વખતે થોડો પહેરાય! કવિતા નાયિકાને આખરે લાડકવાયા દીકરાની જાન જોડીને પ્રભુતામાં પગલાં પડાવવા જવાનું હતું. એની જિંદગીમાં આવો શુકનિયાળ પ્રસંગ પહેલી વખત આવી રહ્યો હતો. વેવાઈ પક્ષને પણ પોતે કંઈ કમ નથી એવું લાગવું જોઈએ. નાતીલાઓ આગળ વટ દેખાડવાની તક આવી હતી. પરંતુ ગરીબ ખોરડું જ્યાં બે ટંક પેટને ભાડું આપવા ઝઝૂમી રહ્યું હોય ત્યાં શણગાર સજીને સારાં લૂગડાં પહેરી જાન જોડવાનું તો બાપ,ઘણું અઘરું!

પણ જેનું કોઈ નથી એનો ભગવાન તો છે જ. એ ઓશિયાળી છેવાડાના વાસમાં ઝૂંપડી બાંધીને રહેતી મમતાની છલોછલ હેલ સમી હાજરાહજૂર માવડીની વહારે ચડ્યો ઉપરવાળો ...હજાર હાથ વાળો. જાણે એની કકળતી આંતરડીનો અવાજ સાંભળી ના ગયો હોય! નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી હતી એમ એ દુખિયારીનો પણ હાથ ઝાલ્યો. શેઠાણીને તાકડે જ તેડું આવ્યું અને એને એની મૂંઝવણનો ઉકેલ મળી ગયો. એની પાસે પરંપરાગત સસ્તાં ઘરેણાં તો હતાં જ. હવે આ મોંઘીદાટ ચુંદડી મળી એટલે એનો તો અવસર સુધરી ગયો. દેખીતું છે કે શેઠાણી એના માટે તો નરસૈંયાનો શામળશા શેઠ જ બની ગયાં. પોતે મરીને એને જીવાડી ગયાં! એટલે ગામ આખું શેઠાણીના મોતનો મલાજો પાળતું હતું ત્યારે એના હૈયે તો હરખના હિલોળા ચડ્યા હતા!

હવે થોડું ગંભીર ચિંતન કરીએ. ધારોકે સ્મશાનમાં મરનારનાં અંગો પરથી ઉતારી દીધેલી વસ્ત્રો સહિતની ચીજવસ્તુઓ સ્મશાનમાં જ મૂકી રાખવામાં આવે તો એથી શો ફાયદો થાય? શું એ કોઈ મ્યુઝિયમમાં સંઘરવી જોઈએ? મરનાર વ્યક્તિના પરિવારજનો તો એ ચીજવસ્તુઓ ડોમ કે સ્મશાનની વ્યવસ્થા સંભાળતા ગરીબ લોકોને ખપ લાગશે એવું જ વિચારતા હોય છે. મૃતદેહ પર ઓઢાડેલી સાડી, પાનેતર, ચુંદડી કે શાલ પાછી લઈ જવામાં તો હીણપત અને પાપ મનાય છે. સમય જતાં આવી અસ્પૃશ્ય ચુંદડીઓ, સાડીઓ અને શાલોનો ખડકલો સરજાય એ સ્વાભાવિક છે. એ કોરી કટ સાડીઓ કે ધોતિયાં અને શાલો સ્મશાનમાં જ રાતદિવસ રહી સેવા આપી રહેલ અસ્પૃશ્ય પરિવાર પાસે ભેગી થઈ જાય એ પછી સ્વાભાવિક રીતે જ એનું વેચાણ કે સારી ભાષામાં કહીએ તો વિતરણ કરવું જરૂરી બની જાય. એમાં માનવીનું વેપારી ગણિત ભળે તો જુગુપ્સાપ્રેરક બિઝનેસનાં મંડાણ થયા વગર રહે ખરાં? પછી તો આપોઆપ સ્મશાનથી બજાર સુધીની સાંકળ સરજાઈ જાય એ સ્વાભાવિક છે. જોકે એવું કેમ થયું એ વિષે જરા ઠંડા દિમાગથી વિચારવું જોઈએ. ખરેખર એની પાછળ આપણા વર્ણાશ્રમ ધર્મમાં નીચલા સ્તરના સમુદાય પ્રત્યે જ નહીં, બલકે પોતાના સ્વજનને પણ મરતાંની સાથે અસ્પૃશ્ય ગણી લેવાની પરંપરા જવાબદાર છે. એથી એના સમ્માનમાં ઓઢાડેલ ચુંદડી કે શાલ જેવી સ્મૃતિઓ પણ અસ્પૃશ્ય અને અપશુકનિયાળ બની જાય છે. એનો ઉપયોગ ભલે સ્મશાનવાસી તથાકથિત અસ્પૃશ્ય માણસો કરે. મરનારનું શરીર તો રાખ થઈ જશે, એની સાથે એ નવાં નક્કોર વસ્ત્ર પરિધાન બાળી મૂકવાં બરાબર નથી. ગરીબને વળી શુભ શું અને અશુભ શું?

ગરીબ પણ મોટા માણસોની આ મનોદશા સમજે છે અને જે મળે એ પ્રેમથી સ્વીકારી લે છે. બામણા ગામની એ દલિતા માટે તો શેઠાણીનું અકાળે અવસાન જ શુભ બની જાય છે. પછી એ રાજીની રેડ થઈ એમની કાયાનો છેલ્લો શણગાર દીકરાની જાન જોડીને જતાં હરખભેર પોતે સજે એમાં શી નવાઈ! એને તો જાણે આખી જિંદગીનો સૌથી મોટો લહાવો સંપડાવી દીધો હતો શેઠાણીએ!

# પાકિસ્તાનમાં બે મહિલાઓની ધરપકડ કેમ વિવાદનો વિષય બની છે?

**અબીલ ગુલાલ**
જયવંત પંડયા

પાકિસ્તાનમાં મહિલાઓની સ્થિતિ અત્યંત ખરાબ છે, પણ કોની? જે સારું કામ કરે છે તેમની. જે ખરાબ કામ કરે છે તેની ધરપકડ થાય છે તો પણ તેને જલસા હોય છે. આપણે વાત કરવી છે બે મહિલાઓની જેમની ધરપકડે પાકિસ્તાનમાં ખળભળાટ સર્જી દીધો છે.

પહેલા વાત કરીએ, ક્વીન મેડમ પિન્કીની. આ મહિલા ૧૩ મેએ કરાચીમાં કૉકેઈન વેચતાં પકડાઈ હતી. પરંતુ તેની ધરપકડ થઈ ગયા પછી વિવાદ સર્જાયો છે. ૩૦ વર્ષની મેડમ પિન્કી કરાચીમાં સૈનિકો રહે છે તે વિસ્તારોમાં કૉકેઈન સપ્લાય કરે છે, તેમાં ડિફેન્સ હાઉસિંગ ઑથોરિટી (ડીએચએ)નો પણ સમાવેશ થાય છે. આ વિસ્તાર સૈનિકોનો વિસ્તાર ગણાય છે. એટલે કે ધનિકોનો વિસ્તાર છે.

મેડમ પિન્કી આ વિસ્તારમાં ઉચ્ચ (!) ગુણવત્તાનું ડ્રગ્સ પૂરું પાડતી હતી. તેનું સૂત્ર છે- 'ક્વીન મેડમ પિન્કી - ધ નેમ ઈઝ એલૉન ઈનફ, ઍન્જૉય.' કરાચીમાં ડ્રગ્સ પૂરું પાડતી મેડમ પિન્કીનું નેટવર્ક જોકે ઈસ્લામાબાદ, લાહોર અને અન્ય શહેરોમાં પણ વિસ્તરેલું છે.

**પ્રશ્ન એ થાય કે વિવાદ કેમ સર્જાયો?**

તેની ધરપકડનો જે વિડિયો પ્રસારિત થયો તેમાં આ પિન્કી ન્યાયાલયના કૉરિડૉરમાં કોઈ પણ જાતનાં બંધનો વગર, જાણે તે આરોપી ન હોય અને કોઈ વીઆઈપી વ્યક્તિ હોય જેને પોલીસ રક્ષણ પૂરું પાડતી હોય, તેમ ચાલતી દેખાઈ. ટીકાકારોએ કહ્યું કે વીઆઈપી રાજકીય વ્યક્તિઓને જે સરભરા મળે તે તેમણે પિન્કીને પૂરી પાડી. આ વિવાદ થયો એટલે સિંધના ગૃહ પ્રધાન ઝિયા ઉલ હસન લંજારે સંકળાયેલા અધિકારીઓ સામે શિસ્તનાં



પગલાં લેવાનો આદેશ આપી દીધો. અધિકારીઓએ તે પછી તપાસકર્તા અધિકારીને નિલંબિત કરી દીધા.

હવે જો 'ધૂરંધર' દિગ્દર્શકે આદિત્ય ધર આના પર ફિલ્મ બનાવશે તો પાકિસ્તાન તો ઠીક, પણ ભારતના કેટલાક લોકોને આની સામે વાંધો આવશે કે નફરત ફેલાવે છે. પાકિસ્તાનમાં આવું ચાલતું હોય તે દેખાડવું એ ઘૃણા ફેલાવવી ગણાય? એક તરફ, ૩૦ વર્ષની ડ્રગ્સનો ધંધો કરનારી મહિલાને પાકિસ્તાનમાં વીઆઈપી સરભરા મળે છે તો આ જ પાકિસ્તાનમાં એક ૭૫ વર્ષીય શાસ્ત્રીય નૃત્યાંગના, જેમણે પોતાના નૃત્યથી ભારતીય નૃત્ય શૈલીઓને પાકિસ્તાનમાં જીવંત રાખી છે તેમની ધરપકડ થાય છે. આ મહિલા છે શીમા કેરમાણી. તેઓ પાકિસ્તાનનાં બહુ જ સન્માનનીય સાંસ્કૃતિક હસ્તી છે. તેઓ શાસ્ત્રીય નૃત્ય, રંગમંચ અને મહિલાઓના અધિકારોની ચળવળ માટે ખૂબ જ જાણીતાં છે. ૧૬ જાન્યુઆરી ૧૯૫૧એ જન્મેલાં શીમાજી એકાદ નહીં, પરંતુ ત્રણ-ત્રણ શાસ્ત્રીય નૃત્યમાં પારંગત છે. તેમને ભરત નાટ્યમ, કથક અને ઓડિશી આવડે છે. પાકિસ્તાનમાં એક સમયે જ્યારે ભારતીય શાસ્ત્રીય નૃત્યો સામે સામાજિક અને રાજકીય પ્રતિબંધો હતા તેવા કપરા સમયમાં પણ તેમણે નીડર રીતે શાસ્ત્રીય નૃત્યો કરવાનું ચાલુ રાખ્યું હતું. કળા દ્વારા પ્રતિકારનું તે પ્રતીક બની ગયું હતું. તેમણે તેહરિક એ નિશ્વાન નામનું સાંસ્કૃતિક કાર્ય જૂથ બનાવ્યું છે. તેમણે રંગમંચ, નૃત્ય અને સામાજિક જાગૃતિની પહેલો દ્વારા મહિલા સશક્તિકરણની તરફેણ કરી છે. પરંતુ જોવાની વાત એ છે કે શીમાજીની ધરપકડ સમયે તેઓ હિન્દુ પોશાક અને પ્રતીકો - સાડી અને કપાલ પર ગોળ ચાંદલા સાથે હતાં, જ્યારે તેમને પકડવા આવેલી મહિલા પોલીસ બુરખામાં હતી ! આ છે પાકિસ્તાનનું મહિલા સશક્તિકરણ. તેમની ધરપકડ સમયે તેમની સાથે એવું વર્તન કરાઈ રહ્યું હતું જાણે કે તેઓ રીઢા અપરાધી ન હોય ! અને બીજી તરફ, ક્વીન મેડમ પિન્કી સાથે પોલીસ તે કોઈ મોટી સારી હસ્તી હોય તેમ તેને માનપાન સાથે મુક્ત રીતે ચાલવા દેતી હતી. આ છે પાકિસ્તાન ! આ છે પાકિસ્તાનનો મહિલા પ્રત્યેનો દ્દષ્ટિકોણ !

શીમા કેરમાણીની ધરપકડ અને તેમની સાથે થયેલા વર્તનની પાકિસ્તાનના સૉશિયલ મીડિયામાં ખૂબ જ ટીકા થઈ. પાકિસ્તાનની એક 'ઍક્સ'વપરાશકાર ટૂબા સૈયદે લખ્યું, "પાકિસ્તાન પીપલ્સ પાર્ટીની લોકશાહી જુઓ. ૭૫ વર્ષનાં વૃદ્ધા, દેશમાં સૌથી સન્માનનીય પૈકીનાં એક મહિલા કલાકાર, શીમા કેરમાણી સાથે એવી રીતે (પોલીસ દ્વારા) વર્તન કરાઈ રહ્યું છે જાણે તેઓ અપરાધી હોય. તેઓ ત્યાં 'ઔરત માર્ચ'દ્વારા આયોજિત પત્રકાર પરિષદ માટે આવ્યાં હતાં. જોકે વિવાદ થયા પછી, ત્રણ સિંધ પોલીસ અધિકારીઓને નિલંબિત કરવામાં આવ્યા હતા. ઔરત માર્ચ એ કોઈ સંગઠન નથી, ફેમિનિસ્ટ ચળવળ છે. તેનું સૂત્ર છે 'જબ તક ઔરત તંગ રહેગી, જંગ રહેગી, જંગ રહેગી !'. પરંતુ તમે જુઓ કે

> **એક તરફ, 30 વર્ષીય ક્વીન મેડમ પિન્કી છે જે કરાચીમાં સૈન્ય વિસ્તારમાં ડ્રગ્સ સપ્લાય કરે છે અને બીજી તરફ ૭૫ વર્ષનાં શાસ્ત્રીય નૃત્યાંગના શીમા કેરમાણી છે. બંનેની ધરપકડે પાકિસ્તાનમાં ટીકા વ્હોરી લીધી છે**

ભારતમાં આ મહિલાની ધરપકડના કોઈ પડઘા નથી. ભારતની ફેમિનિસ્ટો મૌન છે. તેમને મન ભારતમાં હિન્દુ મહિલાનું દુ:ખ જ દુ:ખ છે. તેમના માટે પાકિસ્તાનની મલાલા યુસૂફઝાઈ તો એક આદર્શ મૉડલ છે, પરંતુ તમે ક્યારેય શીમા કેરમાણીનું નામ નહીં સાંભળ્યું હોય. મલાલા યુસૂફઝાઈ જમ્મુ-કાશમીરમાં અનુચ્છેદ ૩૭૦ દૂર થાય તેનો વિરોધ કરે છે. ભારતની ફેમિનિસ્ટ હિન્દુ મહિલાઓને જે કપડાં પહેરવા હોય તે પહેરવાની છૂટની તરફેણ કરે છે. દીપિકા પદુકોણ 'માય લાઈફ માય ચૉઈસ'નો વિડિયો બનાવે છે. પરંતુ મલાલા યુસૂફઝાઈ કર્ણાટકમાં મુસ્લિમ વિદ્યાર્થિનીઓને હિજાબ પહેરવાની છૂટ અંગે કહે છે કે 'મુસ્લિમ વિદ્યાર્થિનીઓને હિજાબ પહેરવા પર પ્રતિબંધ મૂકવો કેટલું ભયાનક છે !'આવી મલાલા યુસૂફઝાઈને ફેમિનિસ્ટ અને મીડિયાના એક વર્ગે ભારતની મહિલાઓ માટે આદર્શ બનાવી દીધી છે જ્યારે શીમા કેરમાણી અંગે અત્યાર સુધી તો એક પણ સમાચાર કે લેખ વાંચવા નહીં મળે પરંતુ તેમની ધરપકડના સમાચાર પણ કેટલાએ જણાવ્યા હશે તે પ્રશ્ન છે.